## વિષય :- ગુજરાતીધોરણ :-૭ પ્રથમ સત્ર

## પાઠ નં:-4 ચાલો, ચરણ ઉપાડો ! યુનિટ ટેસ્ટ કુલ ગુણ

..........................................................................................

**1 કાવ્ય વાંચો અને પ્રશ્નોના જવાબ આપો. 8**

પગલે પગલે સાવધ રહીને,
મળતા પ્રગટાવ્યે જા.
અંતરને અજવાળી વીરા!
પંથ તારો કાવ્યે જા.
કાંટા આવે, કંકર આવે, ધોમધખતી રેતી આવે;
ખાંડાની ધારે ને ધારે, ધૈર્ય ધરી ચાલ્યો જા.
દુર્ગમ પંથ કાપ્ય જા.
હિંમત તારી ખોતો ના, સ્વાર્થ સામે જોતો ના;
શિસ્ત, શાંતિ ને સેવાનો તું, પાઠ સૌને આપ્યે જા.
દુર્ગમ પંથ કાવ્યે જા.

પ્રશ્નો:

1. રસ્તામાં કેવાં કેવાં સંકટ આવી શકે?
2. સંકટની પરિસ્થિતિમાં શું કરવું જોઈએ?
3. મુશ્કેલ માર્ગ કાપનારે શી કાળજી રાખવી જોઈએ?
4. ‘પંથ તારો કાપ્ય જા' દ્વારા શો સંદેશ આપ્યો છે?

## પ્રશ્ન ૨ નીચેના પ્રશ્નોના જવાબ આપો 12

1. આ કાવ્યની કઈ પંક્તિ સાંભળવી તમને ગમી? શા માટે?
2. તમે કોઈ કામ માટે બીજાની મદદ કેવી રીતે મેળવશો?
3. તમને કયું ગીત ગમે છે? કેમ?
4. એકલા થઈ શકે અને સમૂહમાં થઈ શકે એવાં ક્યાં ક્યાં કામ છે?

- એકલા થઈ શકે તેવાં કામ :
- સમુહમાં થઈ શકે તેવાં કામ :

5. તમે કોઈ ધ્યેય સિદ્ધ કરવા માટે શું શું કરશો?
6. તમે કોઈ પ્રતિજ્ઞા લીધી છે? ક્યારે?

## 3. કૌંસમાં આપેલ શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને પ્રશ્નવાક્ય બનાવો. 5

1. શાળામાંથી જાન્યુઆરી મહિનામાં પ્રવાસે જઈશું. (ક્યારે, કેમ, કેવા)
2. મમ્મીના જન્મ દિવસે દીકરીએ ભેટ આપી (કોણે, ક્યાં, શું)
3. અરવલ્લી ગુજરાત રાજ્યનો જિલ્લો છે (કોણ, કેમ, કયા)
4. પપ્પા પ્રવાસમાંથી મારા માટે રમકડું લાવ્યા. (શું, ક્યાં, ક્યારે)
5. ચિન્ટુ અને મીનુ વિદેશ ફરવા ગયાં. (ક્યાં, શું, કેમ)

shikshansagar.com · Making of Education · શિક્ષણ સાગર